# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે.**
2. **મહારાષ્ટ્રમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સૂચવેલા સૂચનો પર યોગ્ય કાર્યવાહી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાતરી આપી.**
3. **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, "રાજકોટમાં સમૂહલગ્નના નામે છેતપિંડી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરાશે."**
4. **જુનાગઢના મહાશિવરાત્રિના મેળાના દર્શનાર્થીઓ માટે એસ. ટી. નિગમ દ્વારા વધારાની બસ દોડાવાશે.**
5. **રાજ્યમાં 3 દિવસ પછી મહત્તમ તાપમાનમાં વધારો થવાની આગાહી.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 119મી કડી હશે. કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક , આકાશવાણી સમાચાર વૅબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઈલ એપ્લિકેશન પર કરાશે.

મન કી બાત કાર્યક્રમને આકાશવાણી સમાચાર , ડીડી ન્યૂઝ, PMO તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ પર પણ પ્રસારિત કરાશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પર પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ થશે.

# CM MAHARASHTRA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ ક્ષેત્રના રાજ્યોમાં મુખ્યમંત્રીઓ, મંત્રીઓ અને મુખ્યસચિવોને એકંદર આરોગ્ય સુધારવા કુપોષણ દૂર કરવાને પ્રાથમિકતા આપવા વિનંતી કરી છે. મહારાષ્ટ્રના પુણેમાં ગઈકાલે શ્રી શાહની અધ્યક્ષતામાં યોજાયેલી પશ્ચિમ ક્ષેત્રિય પરિસદની 27મી બેઠકમાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બેઠકમાં શ્રી શાહ ના સૂચનો પર તાત્કાલિક યોગ્ય કામગીરી કરવા ખાતરી આપી હતી. શ્રી શાહે પશ્ચિમી રાજ્યો વચ્ચે પરસ્પર સંવાદ અને સહકાર અંગે તેમ જ રાજ્યના વિકાસ સંબંધિત

વિવિધ મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપ્યું. દરમિયાન બેઠકમાં 18 જેટલા વિવિધ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી.

ઉપરાંત શ્રી શાહે લઘુત્તમ ટેકાના ભાવ- MSP પર કઠોળના વેચાણ માટે સરકારે બનાવેલી એપ્લિકેશન અંગે ખેડૂતોમાં જાગૃતિ ફેલાવવા પર પણ ભાર મુક્યો હતો.

# PRAKRUTIK KHETI KAMITI

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પ્રાકૃતિક ખેતીના વિસ્તરણ અને નિરીક્ષણ માટે રાષ્ટ્રીય સમિતિ બનાવવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું, રાજ્યસ્તરે પણ આ સમિતિઓ રચાશે , જે જિલ્લા વિકાસ અધિકારી મારફતે પ્રાકૃતિક ખેતીની પ્રગતિનો અહેવાલ સરકાર સુધી પહોંચાડશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે ગુરુકુલ કુરુક્ષેત્રના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લેતા ગઈકાલે શ્રી ચૌહાણે આ જાહેરાત કરી હતી. દરમિયાન શ્રી ચૌહાણે કહ્યું, “શ્રી દેવવ્રત દ્વારા શરૂ કરાયેલું પ્રાકૃતિક ખેતી અભિયાન હવે રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી અભિયાન તરીકે જન-આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. અભિયાન થકી દેશનો ખેડૂત આર્થિક રીતે તો સમૃદ્ધ બનશે જ, પરંતુ જમીનની ફળદ્રુપતામાં સુધારો તેમજ 50 ટકા સુધી પાણીની બચત શક્ય બનશે.”

# RAJKOT CHHETARPINDI

રાજકોટમાં સમૂહલગ્નના નામે છેતરપિંડીનો ભોગ બનનારા પીડિતોને વ્હારે પોલીસ આવી હતી. મળતી માહિતી મુજબ , સર્વજ્ઞાતિ સમૂહલગ્નના આયોજકો લગ્ન પહેલાં જ ફરાર થઈ ગયા હતા.

જોકે, જાન પરત જાય તે પહેલાં રાજકોટ પોલીસે ઘટનાસ્થળે પહોંચી 6 નવદંપતીના લગ્ન કરાવ્યા હતા. આ ઘટના અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રતિક્રિયા આપતા આયોજકો સામે કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું હતું.

(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

# BOTAD DIOMAND PARICHAY CARD

બોટાદ જિલ્લામાં 70 હજાર જેટલા રત્નકલાકારોને પરિચય કાર્ડ અપાશે. બોટાદ જિલ્લા ડાયમંડ એસોસિએશન અને જેમ્સ એન્ડ જ્વેલર્સ મુંબઈના સંયુક્ત ઉપક્રમે સૌપ્રથમ વખત જિલ્લાના રત્નકલાકારોને આ કાર્ડ અપાશે. હાલમાં જિલ્લાના ડાયમંડ બજાર ખાતે સ્વૈચ્છિક આવનારા રત્ન કલાકારોને કાર્ડ કાઢી આપવાની કામગીરી શરૂ હોવાનું જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ શંકર ધોળુએ જણાવ્યું હતું.

**(બાઈટઃ શંકર ધોળુ, પ્રમુખ, બોટાદ જિલ્લા ડાયમંડ એસોસિએશન)**

# JUNAGADH BUS

જુનાગઢમાં 27મી ફેબ્રુઆરી સુધી યોજાનારા મહાશિવરાત્રિના મેળાના દર્શનાર્થીઓ માટે રાજ્યના એસ. ટી. નિગમ દ્વારા વિશેષ વ્યવસ્થા કરાઈ છે. નિગમ દ્વારા રાજ્યના વિવિધ શહેર તરફથી સંચાલિત થતી 250થી વધુ નિયમિત સેવા , ઉપરાંત મુસાફરોના ધસારાને ધ્યાને રાખી વધારાની 300 મોટી બસથી ચાર હજારથી વધુ ફેરા અને 70 મિની બસથી એક હજારથી વધુ ફેરા કરાશે.

સત્તાવાર યાદી મુજબ , જુનાગઢથી ભવનાથ તળેટી આવવા-જવા દૈનિક 70 મિની બસ મારફતે અલગથી બૂથ ગોઠવી સંચાલન કરાશે. રાજકોટથી 40, દેવભૂમિ દ્વારકા, ઉના અને જામનગરથી 30 –30, સોમનાથ, અમરેલી અને પોરબંદરથી 35–35, ભાવનગરથી 25, વડોદરા અને અમદાવાદથી 20 –20 બસ દોડાવાશે. બસના સમયની જાણકારી માટે 24 કલાક કન્ટ્રોલ રૂમ તેમ જ એનાઉન્સમેન્ટ પણ શરૂ કરાશે.

# ANAND KAMLO

આણંદ જિલ્લા માં પેટલાદ તાલુકાના ધર્મજમાં 52 લોકોને કમળાની અસર થયાના અહેવાલ છે. આણંદના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે, દૂષિત પાણી અને ખોરાક ના કારણે કમળાનો રોગ વકરતાં ઠેર-ઠેર બીમાર લોકો દેખાઈ રહ્યા છે. હાલમાં 10 દર્દીને પેટલાદની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે, જ્યારે અન્ય દર્દીઓને ધર્મજ ના જાહેર આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાઈ રહી છે.

આમાંથી એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે જ્યારે અન્ય છ નમૂનાને અમદાવાદ મોકલાયા છે.

જિલ્લા આરોગ્ય અધિકારી ડો. પિયુષ પટેલે જણાવ્યું , હાલ તંત્ર દ્વારા 18 ટીમને કામે લગાડી દેવામાં આવી છે. બે આરોગ્ય અધિકારી અને બે જાહેર આરોગ્ય કેન્દ્રની ટીમ ખડેપગે છે.

# WEATHER

રાજ્યમાં ત્રણ દિવસ પછી મહત્તમ તાપમાનમાં વધારો થવાની આગાહી છે. જોકે, આગામી સાત દિવસ દરમિયાન વાતાવરણ શુષ્ક રહેશે. ગત 24 કલાકમાં સૌથી વધુ 36.3 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રાજકોટમાં નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન 33.7 ડિગ્રી અને ગાંધીનગરમાં 33.4 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું છે.

હવે આવતીકાલે વેસ્ટર્સ ડિસ્ટર્બન્સના કારણે તાપમાનમાં ફેરફાર થશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

(બાઈટઃ રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)

# PORBANDAR PGVCL

રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ પોરબંદરના મજીવાણા ખાતે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ- PGVCLનું નવું સબ-ડિવિઝન બનાવવાની જાહેરાત

કરી છે. બગવદર સબ-ડિવિઝન દ્વિભાગીકરણ કરીને આ સબ-ડિવિઝન બનતાં બરડા પંથકમાં વર્ષોથી ગંભીર બનતી જતી વીજ સમસ્યાનું કાયમી નિરાકરણ આવશે. આ ડિવિઝનમાં 50 લોકો કાર્યરત્ થશે. તેમજ અંદાજે 37 જેટલી નવી જગ્યા ઊભી કરાશે અને બાકીની 13 જગ્યા અન્ય સબ-ડિવિઝન ખાતેથી ટ્રાન્સફર કરીને ભરાશે.

આ સબ-ડિવિઝન અંગે રજૂઆત કરનારા ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયાએ પ્રતિક્રિયા આપી.

(બાઈટઃ અર્જૂન મોઢવાડિયા, ધારાસભ્ય, પોરબંદર)

# PATAN SEMINAR

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિદ્યાલયના સંસ્કૃત , ભારતીય વિદ્યા અનુસ્નાતક વિભાગ અને શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જૈનજ્ઞાન મંદિર પાટણના ઉપક્રમે આયોજિત 22મો ત્રિ-દિવસીય અખિલ ભારતીય હેમચંદ્રાચાર્ય સંસ્કૃત ઉદ્ઘાટન સમારોહ યોજાયો.

આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. કિશોર પોરિયાએ હેમચંદ્રાચાર્યજી રચિત સાહિત્ય અને વ્યાકરણને તમામ ભાષાઓના હૃદયસમાન લેખાવ્યું હતું. તેમણે જણાવ્યું, જ્યારે કોઈ દેશમાં વિશ્વવિદ્યાલય ન હતી ત્યારે ભારતમાં સૌથી વધુ વિદ્યાલય અને ગુરુકુળ પરંપરા હતી. આપણી પાસે સંસ્કૃત પ્રાકૃતનો પ્રાચીન ગ્રંથો અને જ્ઞાનનો ભંડાર હતો . સંસ્કૃત ભાષાને મહત્વ આપી તેને આગળ વધારીએ તે સૌની જવાબદારી છે.